ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૬ ઓગસ્ટ, ૨૦૨૬



ડરાવનો વિલન કે અલ્ટીમેટ ચાય-લવર? Pg.2



સ્ત્રીઓ કે વાર્તાઓ, કોઈની 'એક્સપાયરી' નથી હોતી! - કાજલ અગ્રવાલ Pg.4



### હમ નહીં સુધરેંગે...

# કોન્ટ્રોવર્સીને કંગ'ના' કહેવાય?

**સોશિયલ મીડિયા પર શરૂ થયેલી ચર્ચામાં તેણે પોતાની ઉગ્ર પ્રતિક્રિયા આપીને રિતિક સાથેનો જૂનો વિવાદ ફરી જીવંત કરી દીધો, જાણે ફેન્સને પણ આ વિવાદ ફરી ચર્ચામાં લાવવામાં મજા આવી રહી હોય!**

બોલિવૂડ, સેલિબ્રિટીઝ અને કોન્ટ્રોવર્સીઝ - આ ત્રણેય જાણે એકબીજાના પર્યાય બની ગયા છે અને તેમાં હવે વધુ એક નામ ફરી ચર્ચામાં આવ્યું છે, તે છે કંગના રનૌત. 'પંગા' ફિલ્મની આ અભિનેત્રી જ્યારે બોલિવૂડમાં આવી ત્યારે કોઈ તેને ખાસ ગણકારતું પણ નહોતું. વળી, તે કોઈ ફિલ્મી બેકગ્રાઉન્ડમાંથી પણ આવી નહોતી. આમ, તે સદંતર એક આઉટસાઈડર હતી. તેમ છતાં તેણે પોતાની મહેનત અને અભિનયના બળે કેટલીક યાદગાર ફિલ્મો આપી. તેના ઉત્કૃષ્ટ અભિનય બદલ તેને એક નહીં, બે નહીં પરંતુ ચાર નેશનલ એવોર્ડ મળ્યા છે. જોકે, પોતાના મુહફટ સ્વભાવને કારણે તેણે બોલિવૂડમાં અનેક કોન્ટ્રોવર્સીઝ સર્જી છે. એવું કહી શકાય કે કંગનાને લોકો સાથે 'પંગા' લેવાનું એટલું ગમે છે કે તે વારંવાર વિવાદો ઊભા કરીને બોલિવૂડની 'કોન્ટ્રોવર્સી ક્વીન' બની ગઈ છે. પરંતુ, આ વખતે વાત થોડી અલગ છે. હાલમાં સોશિયલ મીડિયા પર કંગના અને રિતિક રોશનને લઈને જે કોન્ટ્રોવર્સી ફરી ચર્ચામાં આવી છે, તે ફેન્સ દ્વારા શરૂ કરવામાં આવી હતી. જોકે, તેમાં કંગનાએ પોતાની કોમેન્ટ કરીને જાણે આગમાં ઘી હોમવાનું કામ કર્યું છે.

ટોક ઓફ ધ ટાઉન

કંગનાએ રિતિક રોશન સાથે 'કાઈટ્સ' અને 'ક્રિશ 3' જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું. ત્યારબાદ બંને વચ્ચે જે વિવાદ સર્જાયો તેણે કાનૂની સ્વરૂપ ધારણ કર્યું અને વર્ષ 2016માં તે બોલિવૂડની સૌથી મોટી કોન્ટ્રોવર્સી બની હતી. તે જ સમયગાળા દરમિયાન રિતિકના તેની પત્ની સુઝેન ખાન સાથે ડિવોર્સ થયા હતા. પરિણામે રિતિક અને કંગનાના અફેરની ચર્ચાઓએ જોર પકડ્યું. જોકે, સૌથી મોટો વિવાદ ત્યારે સર્જાયો જ્યારે કંગનાએ એક ઈન્ટરવ્યૂમાં રિતિકનું નામ લીધા વિના તેને 'સીલી એક્સ બોયફ્રેન્ડ' તરીકે સંબોધ્યો. ત્યારબાદ બંને વચ્ચે લીગલ બેટલ શરૂ થઈ ગઈ. કંગનાએ અગાઉ એવો પણ દાવો કર્યો હતો કે રિતિકે પેરિસમાં તેને પ્રપોઝ કર્યું હતું. જોકે, રિતિકે આ તમામ દાવાઓને સતત નકાર્યા હતા. વળી, તેની પૂર્વ પત્ની સુઝેન ખાને પણ જાહેરમાં રિતિકનો પક્ષ લીધો હતો. ત્યારબાદ રિતિકે કંગનાને લીગલ નોટિસ મોકલી અને જાહેરમાં માફી માંગવાની માંગણી કરી હતી. તેના જવાબમાં કંગનાએ પણ રિતિક સામે લીગલ નોટિસ મોકલી હતી. આમ, બંને વચ્ચેનો આ વિવાદ ક્યારેય સંપૂર્ણપણે ઉકેલાયો નહીં અને વર્ષો સુધી ચર્ચામાં રહ્યો.

સમય જતાં આ વિવાદ શાંત પડી ગયો હતો. પરંતુ હાલમાં CJP આંદોલન દરમિયાન કંગનાએ વિરોધકર્તાઓને 'જનરેશન ગટર' કહીને સંબોધ્યા બાદ ફરી વિવાદનો મધપૂડો છંછેડાયો. સૂત્રોના જણાવ્યા પ્રમાણે CJPના લીડરનો ચહેરો રિતિક જેવો દેખાય છે, તેથી કંગના તેના વિશે વારંવાર કોમેન્ટ કરે છે એવી ચર્ચા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ. ત્યારબાદ '#સોરી રિતિક' ટ્રેન્ડ શરૂ થયો. સોશિયલ મીડિયા પર લોકો લખવા લાગ્યા કે, 'આપણે રિતિકને સોરી કહેવું જોઈએ. એક તરફ રિતિકે તટસ્થ વલણ અપનાવ્યું, જ્યારે બીજી તરફ કંગનાએ સોશિયલ મીડિયા પર લાંબી પોસ્ટ લખી. તેણે રિતિકને સંબોધીને લખ્યું, 'ડિયર રિતિક, મને ખુશી છે કે તને સબા આઝાદમાં તારો સાચો પ્રેમ મળી ગયો છે અને તું તારા સંબંધ પ્રત્યે કમિટેડ છે. પરંતુ જ્યારે લોકો કોઈ સ્ત્રીને તારું નામ લઈને ટ્રોલ કરે, ત્યારે તારે તેમને અટકાવવા જોઈએ. તારા જીવનસાથીને શરમજનક પરિસ્થિતિમાં મૂકવી યોગ્ય નથી અને આવી અયોગ્ય કોમેન્ટ્સને પ્રોત્સાહન પણ આપવું જોઈએ નહીં.' આમ, આ વખતે વિવાદની શરૂઆત કંગનાએ કરી નહોતી, પરંતુ સોશિયલ મીડિયા પર શરૂ થયેલી ચર્ચામાં તેણે પોતાની ઉગ્ર પ્રતિક્રિયા આપીને રિતિક સાથેનો જૂનો વિવાદ ફરી જીવંત કરી દીધો. જાણે ફેન્સને પણ આ જૂનો વિવાદ ફરી ચર્ચામાં લાવવામાં મજા આવી રહી હોય!


બોલિવૂડમાં માત્ર રિતિક જ એવો અભિનેતા નથી કે જેની સાથે કંગનાએ વિવાદ ઊભો કર્યો હોય. અગાઉ તેણે કરણ જોહર અને અનન્યા પાંડે વિશે પણ અનેક વખત વિવાદાસ્પદ કોમેન્ટ્સ કરી હતી અને નેપોટિઝમનો મુદ્દો જોરશોરથી ઉઠાવ્યો હતો. ત્યારબાદ વર્ષ 2020માં હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડ્રગ માફિયા સાથે કેટલાક લોકોના સીધા કનેક્શન હોવાનો આરોપ પણ લગાવ્યો હતો. તેના આ નિવેદનનો ઉર્મિલા માંતોડકરે વિરોધ કરતાં કહ્યું હતું કે, જો કંગના પાસે આ અંગેના પુરાવા હોય તો તેણે તે સંબંધિત અધિકારીઓને આપવા જોઈએ. માત્ર સોશિયલ મીડિયા પર આરોપો લગાવવાથી કોઈ વાત સાચી સાબિત થતી નથી. તેના જવાબમાં કંગનાએ ઉર્મિલાને 'સોફ્ટ પોર્ન સ્ટાર' કહીને વધુ એક કોન્ટ્રોવર્સી ઊભી કરી હતી. હવે સોનાક્ષી સિન્હા પણ કંગનાના નિશાને આવી છે. સોશિયલ મીડિયા પર એવો દાવો થયો કે કંગનાએ સોનાક્ષીનું બોડી શેમિંગ કરતી એક પોસ્ટને લાઈક કરી હતી. જોકે, ત્યારબાદ કંગનાએ પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં સ્પષ્ટતા કરી કે વાયરલ થઈ રહેલો સ્ક્રીનશોટ સંપૂર્ણપણે ફેક છે અને તેણે ક્યારેય બોડી શેમિંગને પ્રોત્સાહન આપ્યું નથી. તેમ છતાં તેણે સોનાક્ષીની ડ્રેસિંગ સ્ટાઈલ, ફેશન ચોઈસ અને પબ્લિક ઈમેજ અંગે ટિપ્પણીઓ કરી હતી.

જો કે, કંગનાના વિવાદોની યાદી અહીં પૂરી થતી નથી. સમયાંતરે તેણે ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અનેક કલાકારો, ફિલ્મમેકર્સ અને રાજકારણીઓ વિશે પણ બેધડક નિવેદનો આપ્યાં છે. ઘણી વખત તેના નિવેદનોને સમર્થન પણ મળ્યું છે, તો ઘણી વખત ભારે વિરોધનો પણ સામનો કરવો પડ્યો છે. પરંતુ એક વાત ચોક્કસ છે કે કંગના જ્યારે પણ કોઈ મુદ્દે બોલે છે ત્યારે તે ચર્ચાનું કેન્દ્ર બની જાય છે.

તાજેતરના સમયમાં કંગનાએ ફિલ્મો કરતાં રાજકારણમાં વધુ સક્રિય ભૂમિકા ભજવવાની શરૂઆત કરી છે. છતાં પણ તેનો બેધડક સ્વભાવ યથાવત્ રહ્યો છે. તે આજે પણ સોશિયલ મીડિયા પર પોતાના વિચારો ખુલ્લેઆમ વ્યક્ત કરે છે અને તેના કારણે ઘણી વખત નવી કોન્ટ્રોવર્સીઝ સર્જાતી રહે છે. હાલમાં 'સોરી રિતિક' ટ્રેન્ડ ફરી શરૂ થતાં કંગના અને રિતિક વચ્ચેનો વર્ષો જૂનો વિવાદ ફરી ચર્ચામાં આવી ગયો છે.

ખાસ વાત એ છે કે આ વખતે વિવાદની શરૂઆત બંનેમાંથી કોઈએ નહોતી કરી, પરંતુ સોશિયલ મીડિયા પર ફેન્સ દ્વારા શરૂ થયેલી ચર્ચાએ તેને ફરી જીવંત બનાવી દીધો. જોકે, ત્યારબાદ કંગનાએ પોતાની પોસ્ટ દ્વારા તેમાં વધુ તીખાશ ઉમેરી દીધી. આમ, કંગના રનૌત અને કોન્ટ્રોવર્સી વચ્ચેનો સંબંધ જાણે વર્ષોથી અતૂટ રહ્યો છે. રિતિક હોય, ઉર્મિલા હોય કે પછી અન્ય કોઈ સેલિબ્રિટી, કંગના પોતાના મુખફટ સ્વભાવને કારણે વારંવાર ચર્ચામાં રહે છે. તેના નિવેદનોને કારણે સોશિયલ મીડિયા પર નવી ચર્ચાઓ શરૂ થતી રહે છે અને તે ફરી હેડલાઈન્સમાં આવી જાય છે. કદાચ એટલે જ આજે પણ ઘણા લોકો એવું માને છે કે કંગના અને કોન્ટ્રોવર્સી એકબીજાથી અલગ રહી જ શકતા નથી. •

# 'મન્નત' બિકતી નહીં...



સુપ્રીમ કોર્ટે જ્યારથી શાહરૂખ ખાનના ઘરના રિનોવેશનની અરજી ફગાવી દીધી છે ત્યારથી તે ઘર ઘણું ચર્ચામાં રહ્યું છે. શાહરૂખના સી-ફેસિંગ ઘર વિશે ઓનલાઈન ઘણી ચર્ચા થઈ રહી છે. આજકાલ સોશિયલ મીડિયા પર શાહરૂખ ખાનના ઘર વિશે તેણે અગાઉ કરેલી ટિપ્પણી ઘણી વાયરલ થઈ છે. આ ટિપ્પણીથી શાહરૂખે લોકોનાં દિલ જીતી લીધાં હતાં. અગાઉ તેના એક ચાહકે સોશિયલ મીડિયા પર સવાલ કર્યો હતો કે શું તે પોતાનું ઘર 'મન્નત' ક્યારેય વેચવા માંગે છે? તેના ચાહકના સવાલનો શાહરૂખે જે જવાબ આપ્યો તેનાથી લોકો ખુશ થઈ ગયા અને શાહરૂખ પોતાના ઘર સાથે કેટલો લાગણીપૂર્વક જોડાયેલો છે તે જોઈને લોકોએ ઓનલાઈન તેની ઘણી પ્રશંસા પણ કરી હતી. પોતાના ફેન્સ સાથેની વાતચીતમાં જ્યારે શાહરૂખને પૂછવામાં આવ્યું કે, 'ભાઈ, મન્નત બેચને વાલે હો ક્યા?' ત્યારે શાહરૂખે એટલો સુંદર પ્રત્યુત્તર આપ્યો કે લોકો તેના દીવાના થઈ ગયા. સોશિયલ મીડિયા પર પૂછવામાં આવેલા આ સવાલનો શાહરૂખે સોશિયલ મીડિયા પર જ જવાબ આપ્યો કે, 'ભાઈ, મન્નત બિકતી નહીં હૈ, સર ઝુકાકે માંગી જાતી હૈ... યાદ રખોગે તો લાઈફ મેં કુછ પા સકોગે.' શાહરૂખનો આ પ્રત્યુત્તર સોશિયલ મીડિયા પર ઘણો વાયરલ થયો. લોકોએ તેની બુદ્ધિ અને તેણે કહેલા શબ્દોના ગૂઢ અર્થની ઘણી પ્રશંસા કરી. આના પરથી ખ્યાલ આવે છે કે શાહરૂખ પોતાના ઘર 'મન્નત' વિશે કેટલી લાગણી ધરાવે છે. મુંબઈના વેસ્ટ બાંદ્રામાં બેન્ડસ્ટેન્ડ પર આવેલું શાહરૂખનું ઘર 'મન્નત' શહેરનું પ્રસિદ્ધ લેન્ડમાર્ક છે. ગ્રેડ-III હેરિટેજ મિલકત મૂળ ૧૯૧૪માં બનાવવામાં આવી હતી, જેનું નામ 'વિલા વિયેના' હતું. શાહરૂખે ૨૦૦૧માં તેને ખરીદ્યું અને તેનું નામ બદલીને 'મન્નત' રાખ્યું. લગભગ ૨૭,૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલા આ સી-ફેસિંગ ઘરને ૬ માળ છે અને ગૌરી ખાન તથા આર્કિટેક્ટ કૈફ ફકીહ દ્વારા તેની ડિઝાઇન કરવામાં આવી છે. આ ભવ્ય ઘરમાં એક ખાનગી થિયેટર, એક પુસ્તકાલય, એક જિમ, એક સ્વિમિંગ પૂલ, ઘણી લિફ્ટો અને વૈભવી બેડરૂમ્સ છે. અંદાજે ૨૦૦ કરોડ રૂપિયાની કિંમત ધરાવતું આ ઘર દેશના સૌથી મોંઘા સેલિબ્રિટી ઘરોમાંનું એક છે. •

# રાઘવને મળી સલમાનની પ્રશંસા

એક્ટર અને ડાન્સર રાઘવ જુયાલે હાલમાં આપણી સાથે શેર કર્યું કે તેની ફિલ્મ 'ભાઈ તેરા સુપરસ્ટાર હૈ'નું ટ્રેલર જોયા પછી એક્ટર સલમાન ખાને વ્યક્તિગત રીતે તેને ફોન કરીને અભિનંદન આપ્યાં. સલમાન ખાને ફિલ્મમાં રાઘવના કોમિક ટાઈમિંગની ઘણી પ્રશંસા કરી, જે તેને આજની ફિલ્મોમાં ખૂટતું લાગે છે. રાઘવના કહેવા પ્રમાણે સલમાને તેને વ્યક્તિગત રીતે ફોન કર્યો અને જણાવ્યું કે ફિલ્મમાં રાઘવે 'કિસી કા ભાઈ કિસી કી જાન' શબ્દો સાથે જોડાયેલો જોક તેને સૌથી વધુ ગમ્યો. તેણે કહ્યું કે, 'સલમાન સરે ફિલ્મનું ટ્રેલર જોયા પછી મને પર્સનલી કોલ કર્યો, કારણ કે મેં 'કિસી કા ભાઈ કિસી કી જાન' શબ્દો લઈને મેટા જોક કર્યો હતો, જે તેમને ઘણો પસંદ આવ્યો હતો. તેમણે કહ્યું કે આજની ફિલ્મોમાં આ પ્રકારની કોમેડી ખૂટે છે. ફ્રેશ અને યુવા કલાકારો આજે આવી કોમેડી કરતા નથી. પણ તમે તે સારી રીતે કર્યું, અને એ સારી વાત છે.' રાઘવ જુયાલ અને સલમાન ખાને 'કિસી કા ભાઈ કિસી કી જાન' ફિલ્મમાં સાથે કામ કર્યું હતું અને ત્યારથી તેમની વચ્ચે ઘણો સારો સંબંધ બંધાયો છે. રાઘવને સલમાન માટે ઘણો પ્રેમ અને આદર છે અને આ સંબંધ વાસ્તવિક જીવનમાં પણ જળવાઈ રહ્યો છે. રાઘવ ફિલ્મ વિશે વધુમાં જણાવે છે, 'આપણે ગોવિંદાની ફિલ્મોમાં જે પ્રકારની કોમેડી જોતા હતા, તેવી કોમેડી હું આ ફિલ્મ દ્વારા લાવ્યો છું. આ પ્રકારની કોમેડી અમારા જેવા નાના શહેરના છોકરા-છોકરીઓ જોતા આવ્યા છે, જેમાં તમે ખુલીને હસી શકો છો અને કોઈપણ જાતની ફિકર કર્યા વિના એન્જોય કરી શકો છો.' આ ફિલ્મમાં રાઘવ સાથે સંજય કપૂર, બરખા સિંહ, ચંદન રોય સન્યાલ, વિવાન ભાટેના, નિકી અનેજા વાલિયા અને વિકલ્પ મહેતા મહત્વની ભૂમિકામાં છે. •

બોલિવ્લોગ વિથ પૅપ



# સનાનો ઈટિંગ ડિસઓર્ડર

ફિલ્મ 'કુછ કુછ હોતા હૈ'માં નાની અંજલીનું પાત્ર ભજવનાર અભિનેત્રી સના સઈદ છેલ્લા ૬ વર્ષથી બુલીમિયાનો શિકાર હતી, જેની તેને પોતાને પણ જાણ નહોતી. છેલ્લે 'સ્ટુડન્ટ ઓફ ધ યર'માં અભિનય કરનાર સનાને ઈટિંગ ડિસઓર્ડરની સમસ્યા થઈ હતી. પરંતુ તેને પોતાને પણ સમજ પડતી નહોતી કે તે આવી રીતે શા માટે વર્તે છે. તેના કારણે તે વધુ એકલવાયેલી અને હતાશ અનુભવતી હતી. લોસ એન્જેલસમાં પોતાની પ્રોડક્શન કંપની શરૂ કરનાર સના સઈદ હાલમાં સોશિયલ મીડિયા પર શેર કરતાં કહે છે કે, 'લગભગ ૬ વર્ષ સુધી મને આ બીમારી હતી, જેમાં હું અંકુશ વિના ખાતી અને પછી ડાયટિંગ કરવાના જુદા જુદા રસ્તા અપનાવતી હતી. મને સમજ પડતી નહોતી કે હું આવું વર્તન શા માટે કરું છું. આ કારણસર મને શરમ અનુભવાતી હતી કે દુનિયામાં હું ફક્ત એકલી જ છું જે આવું વર્તન કરે છે. વળી, મને કઈ બીમારી છે તેની પણ ખબર નહોતી, એટલે હું વધુ હતાશ થઈ ગઈ હતી. હું હેલ્ધી ઈટિંગ હેબિટ કેળવવા માંગતી હતી. જ્યારે મને એક પુસ્તક દ્વારા મારી આ બીમારી વિશે ખબર પડી ત્યારે મેં તે પ્રમાણે સારવાર લીધી અને હવે હું સ્વસ્થ થઈ ગઈ છું. મારા જેવી અન્ય કોઈ વ્યક્તિ આવી પરિસ્થિતિમાં એકલવાયું અનુભવ ન કરે તે માટે મેં મારો અનુભવ શેર કરવાનું નક્કી કર્યું.'

એન્ટરટેઇનમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં દેખાવ કેટલું મહત્વ ધરાવે છે તેના વિશે સના આગળ જણાવતાં કહે છે, 'સતત કેમેરાની સામે રહેવાને કારણે, સતત તમારા શરીર વિશે ટીકા થવાને કારણે અને સતત તમારા દેખાવ વિશે કોઈ ને કોઈ ટિપ્પણી કરતું હોવાને કારણે તમે વધુ પડતા સજાગ અને સચેત થઈ જાઓ છો, જે આખરે આ પ્રકારના ડિસઓર્ડરનું કારણ બને છે. તમારા મૂળભૂત ગુણો તમારા દેખાવ કરતાં વધુ મહત્વ ધરાવે છે, એ વાત મને હવે બરાબર સમજાઈ ગઈ છે.' •

